# 2026માં ગુજરાતમાં ચિત્તાનું આગમન થશે

આગામી નવા વર્ષ 2026માં ગુજરાતમાં ચિત્તાનું આગમન થઈ શકે છે. ગુજરાતમાં મહીસાગરમાં આવેલા રતનમહાલના જંગલમાં વાઘની હાજરીના પુરાવા મળ્યાહતા. જંગલમાં લાગેલા વનવિભાગના કેમેરામાં વાઘ ટ્રેપ થયો હતો. ગુજરાતમાં વાઘલુપ્ત થયાના ઘણા વર્ષો પછી ફરી જંગલમાં તે જોવા મળ્યો હતો. જે બાદ ગુજરાતસિંહ, દીપડા અને વાઘ એમ ત્રણેય વન્ય જીવ ધરાવતું એક માત્ર રાજ્ય બન્યું છે.રાજ્ય સરાકરના વન વિભાગના સૂત્રોના કહેવા મુજબ , ગુજરાતમાં ચિત્તા પણ જોવા મળી શકે છે.રાજ્ય 2026 સુધીમાં ચિત્તાનું સ્વાગત કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.કચ્છના બન્ની ઘાસના મેદાનોમાં 600 હેક્ટરનો વિસ્તાર ચિત્તાનો રહેણાંકવિસ્તાર બનશે. કેન્દ્ર સરકાર ચિત્તાના પ્રથમ જૂથને લાવવા માટે આફ્રિકન દેશસાથે વાતચીત કરી રહી છે. સૂત્રોએ જણાવ્યું કે, જણાવ્યું હતું કે, ચિત્તાઓનેશક્ય તેટલી વહેલી તકે લાવવામાં આવે તેવી કેન્દ્ર સરકારને વિનંતી કરવામાંઆવી છે.



## પીએમ નરેન્દ્ર મોદી રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજિનલ કોન્ફરન્સને સંબોધન કરશે






રાજ્ય સરાકર દ્વારા ગુજરાતમાં મૂડિરોકાણ આકર્ષવા માટે હવે વાઇબ્રન્ટ ગુજરાત સમિટના બદલાયેલા સ્વરૂપ મુજબ રાજ્ય સરકાર પહેલીવાર ચાર ઝોનમાં રીજિયોનલ સમિટ યોજી રહી છે.જેમાં સૌરાષ્ટ્રના વધતા જતાં રાજકિય મહત્વના પગલે આગામી તા.11 અને 12મી જાન્યુ.ના દરમ્યાન પીએમ નરેન્દ્ર મોદી રાજકોટ આવશે, એટલું જ નહીં આ રિજીનલ કોન્ફરન્સને સંબોધન કરશે, જેમાં સીએમ ભૂપેન્દ્ર પટેલ સહિતાના કેબીનેટના મંત્રીઓ પણ ઉપસ્થિત રહેશે.સરકારના આયોજન મુજબ, પ્રથમ રિજિયોનલ સમિટ ઉત્તર ગુજરાત ઝોન માટે 9 અને 10 ઓક્ટોબર-2025ના રોજ મહેસાણા- ગણપત યુનિ. ખાતે આ રિજીનલ કોન્ફરન્સ યોજાઈ ગઈ છે. મહેસાણામાં ઉત્તર ગુજરાત પ્રદેશની પ્રથમ વી.જી.આર.સી.ને મળેલી સફળતા અને 3.24 લાખ કરોડના રોકાણ એમ.ઓ.યુ.ની વિગતો આ ચર્ચા સત્રમાં ઉદ્યોગ કમિશનરપી.સ્વરૂપે આપી હતી. આ સંવાદમાં રશિયા, ઇઝરાયલ, સિંગાપોર, યુ.એ.ઈ., ઇન્ડોનેશિયા, ન્યુઝીલેન્ડ, ફિનલેન્ડ, કેનેડા, શ્રીલંકા, ઓમાન, આઇસલેન્ડ, ગુયાના, રવાન્ડા, સાઉથ આફ્રિકા, કતાર, તાંઝાનિયા, યુગાન્ડા, ઉઝબેકિસ્તાનસહિત 20 થી વધુ દેશોના વિદેશી મિશન અને દૂતાવાસોના પ્રતિનિધિઓએ ભાગ લીધોહતો.

# 2026માં ગુજરાતમાં અમલી બનનારા નવા વિકાસ પ્રોજેક્ટ્સ






## અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ વે અને ધોલેરા એરપોર્ટ

અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવે 2026 સુધી પૂર્ણ થવાના લક્ષ્ય સાથે ઝડપથી આગળ વધી રહ્યો છે. આ સાથે ધોલેરા વિશેષ રોકાણ વિસ્તાર (DSIR) માટેનું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પણ કાર્યરત બનશે, જે ઉદ્યોગ અને વિદેશી રોકાણ માટે મહત્ત્વનું કેન્દ્ર સાબિત થશે.



## વડોદરામાં કરોડોના ખર્ચે બનશે અત્યાધુનિક ફાયર સ્ટેશન અને સ્ટાફ ક્વાર્ટર્સ, ઇમરજન્સી સેવાઓ થશે વધુ મજબૂત

**વડોદરા શહેરની ફાયર અને ઇમરજન્સી સેવાઓને વધુ સક્ષમ બનાવવા માટે હરણી વિસ્તારમાં મહત્વનો વિકાસ થવાનો છે. મોટનાથ મહાદેવ મંદિર નજીક આશરે રૂ.19 કરોડના ખર્ચે એક નવા અત્યાધુનિક ફાયર સ્ટેશન તેમજ સ્ટાફ માટેના ક્વાર્ટર્સનું નિર્માણ કરવામાં આવશે. સમગ્ર પ્રોજેક્ટ અંદાજે 6155.85 ચોરસ મીટર વિસ્તારમાં વિકસાવવામાં આવશે, જે આધુનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આયોજનબદ્ધ રીતે ડિઝાઇન કરાયો છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ આગ અને અન્ય કટોકટીની પરિસ્થિતિઓમાં ઝડપી અને અસરકારક પ્રતિભાવ સુનિશ્ચિત કરવાનો છે.**



## GIFT City નજીક IT-AI સિટી

GIFT Cityની આસપાસ નવી IT-AI સિટી વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટથી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ફિનટેક, ડિજિટલ સર્વિસિસ અને વૈશ્વિક ટેક કંપનીઓ માટે ગુજરાત એક મુખ્ય હબ બનશે.

## નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ સતત પાંચમી વખત ગુજરાતનું બજેટ રજૂ કરશે



નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ આગામી ફેબ્રુ. માં સતત પાંચમી વખત ગુજરાત વિધાનસભામાં વર્ષ 2026-27 માટેનું બજેટ રજુ કરશે, આ બજેટ માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. સચિવાલયમાં નાણાં મંત્રી દ્વારા બેઠકોનો દોર પણ ચાલી રહયો છે.આગામી બજેટને તૈયાર કરવા માટે વિવિધ વિભાગો દ્વારા નવી જાહેરાતો અને અંદાજો સબમિટ કરવા માટેની પ્રક્રિયા ચાલી રહી છે. રાજ્યના તમામ મંત્રાલયોએ પોતાના બજેટ આખરી અંદાજો અને ખર્ચ-પ્રતિભાવ સંબંધિત વિગતો સમયમર્યાદામાં રજૂ કરવાની કામગીરી લગભગ પૂર્ણ કરી દેવામાં આવી છે. નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ પહેલો બજેટ2025-26 માટે રજુ કર્યો હતો, જે લગભગ 3.70 લાખ કરોડનું હતું અને તેમાં શિક્ષણ, હેલ્થ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ખેતી અને શહેરી વિકાસ માટે વિશાળ જોગવાઈનો સમાવેશ કર્યો હતો.

## નવી મતદાર યાદી જાહેર થયા પછી ફેબ્રુ. કે માર્ચમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાશે



કેન્દ્રિય ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણા અભિયાન ચાલી રહ્યુ છે. જેના પગલે ગુજરતમાં 14મી ફેબ્રુ.ના રોજ આખરી મતદાર યાદી જાહેર કરાશે, તે પછી રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ યોજાનાર છે. રાજયમાં હાલમાં રાજ્યમાં આઠ મહાનગરપાલિકા અસ્તિત્વમાં છે. જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, જૂનાગઢ, ભાવનગર, જામનગર અને ગાંધીનગર મહાનગરપાલિકા છે. પરંતુરાજ્ય સરકારે નવ નવી મહાનગરપાલિકાને મંજૂરી આપતા હવે મનપાની સંખ્યા વધીને 17 થઈ ગઈ છે.મહેસાણા, ગાંધીધામ, વાપી, નવસારી, આણંદ, સુરેન્દ્રનગર, નડિયાદ, મોરબી અનેપોરબંદરને મહાનગરપાલિકાનો દરજ્જો અપાયો છે. છેલ્લા ઘણાં સમયથી આ તમામશહેરોના લોકોની માગ હતી, જે હવે પૂર્ણ થઈ છે.આ તમામ નવી મનપામાં વોર્ડ સીમાંકન સાથે 27 અનામત બેઠકોની ફાળવણી પણ થઈ ગઈ છે. ખાસ કરીને 50 ટકા મહિલા અનામતનો પણ અમલ કરાશે, તેવી જ રીતે નવા બનેલા વાવ થરાદ જિલ્લા તથા તાલુકાની પણ ચૂંટણીઓ આવશે.બનાસકાંઠા જિલ્લાના વિભાજન બાદ નવા રચાયેલા વાવ-થરાદ જિલ્લામાં વાવ, ભાભર, થરાદ, ધાનેરા, સૂઈગામ, લાખણી, દિયોદર અને કાંકરેજ એમ કુલ ૮તાલુકાઓ તેમજ ભાભર, થરાદ, થરા અને ધાનેરા એમ ચાર નગરપાલિકાઓનો સમાવેશ થશે.બનાસકાંઠા જિલ્લામાં બાકીના ૬ તાલુકાઓ પાલનપુર, દાંતા, અમીરગઢ, દાંતીવાડા, વડગામ અને ડીસા એમ કુલ ૬ તાલુકાઓ તેમજ પાલનપુર અને ડીસા એમ બે નગરપાલિકાઓનોસમાવેશ થશે.



## આણંદને પાંચ માળની અધતન એસપી ઓફિસ મળશે

આણંદ જિલ્લો બન્યાને અઢી દાયકા જેવો સમય થઇ ગયો છે. પરંતુ જિલ્લા પોલીસ વડાની અધતન ઓફિસનો અભાવ હતો. આ અંગે વર્ષ 2023માં કામચલાઉ ધોરણે શાળામાં જ બનાવેલી એસપી ઓફિસ તોડી નવી બનાવવામાં આવી રહી છે. આશરે 16.84 કરોડના ખર્ચે નવીન કચેરી બની રહી છે. જેનું કામ આખરી તબક્કામાં પહોંચ્યું છે. આ પાંચ માળની અદ્યતન બિલ્ડીંગમાં મહિલા પોલીસ કર્મચારી માટે ખાસ રેસ્ટ રૂમ, ઘોડીયાઘર બનાવવામાં આવશે. આ ઉરાંત લોકઅપ રૂમ પણ બનાવવામાં આવશે. મહિલા પોલીસ, સાયબર ક્રાઇમ, નાગરિક સુવિધ કેન્દ્ર, એલઆઈબી, પાસપોર્ટ, હેડ ક્વાર્ટર નાયબ પોલીસ અધિક્ષક, કંટ્રોલ રૂમ, બે કોન્ફરન્સ રૂમ, રેકર્ડ રૂમ, એસટીએસસી સેલ, રિડર રૂમ, મહિલા પોલીસ 181 અભયમ, એમઓબી શાખા, લાયબ્રેરી એટલું જ નહીં, જીમ, વાયર લેસ રૂમ, તાલીમ કક્ષ, વિડીયો કોન્ફરન્સ રૂમ, ટેકનીકલ એનાલીસીસ માટે જગ્યા ફાળવવામાં આવશે.

## ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટ્રાન્સપોર્ટ, ઉદ્યોગ અને ટેક્નોલોજી ક્ષેત્રે મોટાં પગલાં

ગુજરાત સરકાર વર્ષ 2026માં રાજ્યના સર્વાંગી વિકાસ માટે અનેક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ અમલમાં મૂકાશે, જે રાજ્યની અર્થવ્યવસ્થા, રોજગાર અને વૈશ્વિક જોડાણને નવી દિશા આપશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પરિવહન, ઉદ્યોગ, ટેક્નોલોજી અને ઊર્જા ક્ષેત્રે આ યોજનાઓ ગુજરાતને વિકસિત ભારતના અગ્રણી રાજ્ય તરીકે વધુ મજબૂત બનાવશે.

# 2026માં ‘ઢોલીવૂડ’નો દબદબો જોવા મળશે

**અમદાવાદ: ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રી હવે નવા વર્ષમાં મોટા પડદા પર ધૂમ મચાવવા તૈયાર છે. વર્ષ - 2026ના પ્રથમ મહિનામાં જ કોમેડી, ડ્રામા અને થ્રિલર જેવી વિવિધ વિષયોની ફિલ્મો રિલીઝ થશે.**

## બિચારો બેચલર

1 તારખી એટલે આજે જ પડદા પર જોવા મળશે ઢોલીવુડની મૂવી બિચારો બેચલર. જેમાં તુષાર સાધુ, ટ્વિન્કલ પટેલ, રિદ્ધિ ડાંગર અભિનય કરતાં જોવા મળશે. આ એક 28 વર્ષના એક એવા યુવાનની વાર્તા છે જે લગ્ન માટે કન્યાની શોધમાં છે. તુષાર સાધુની આ ફિલ્મ એક કૌટુંબિક કોમેડી ડ્રામા છે.




## જય કનૈયાલાલ કી




9 જાન્યુઆરી, 2026ના રોજ રજૂ થનારી જય કનૈયાલાલ કી ના સ્ટારકાસ્ટ સિદ્ધાર્થ રાંદેરિયા, હિતુ કનોડિયા, અનેરી વજાનણી છે. આ ફિલ્મમાં ગુજરાતી સુપરસ્ટાર સિદ્ધાર્થ રાંદેરિયા અને હિતુ કનોડિયા પહેલીવાર સાથે જોવા મળશે. એક બેંક સ્કેમમાં બધું ગુમાવી દેનાર પિતાની સંઘર્ષગાથા આ ફિલ્મમાં જોવા મળશે.

## સ્કૂલ ડેઝ

મેહુલ બુચ, મમતા સોની, ચેતન દૈયા અભિનિત ફિલ્મ સ્કૂલ ડેઝ 16 જાન્યુઆરીના રોજ 2026 રિલિઝ થશે. બે તેજસ્વી વિદ્યાર્થીઓની આસપાસ ફરતી આ વાર્તા શૈક્ષણિક અને સામાજિક મૂલ્યો પર આધારિત છે. જૂની યાદો તાજી કરાવતી આ ફિલ્મ ડ્રામા જોનરની છે.




## ફિરકી

જય કનૈયા લાલ કી ની સાથે ફીરકી પણ રજૂ થશે જેમાં જોની લીવર, વત્સલ શેઠ, એશા કંસારા જોવા મળશે. આ ફિલ્મની થીમની વાત કરીએ તો લંડન અને ગુજરાતના બેકગ્રાઉન્ડ પર આધારિત આ ફિલ્મમાં કોમેડી કિંગ જોની લીવર ગુજરાતી ભાષામાં પ્રેક્ષકોને હસાવશે. આ એક હળવી ફૂલ કોમેડી ફિલ્મ છે.




## પાતકી

30 જાન્યુઆરી, 2026ના રોજ રજૂ થનારી ફિલ્મ પાતકીમાં હિતેન તેજવાની, શ્રદ્ધા ડાંગર, ગૌરવ પાસવાલા અભિનય કરશે. જો તમને સસ્પેન્સ અને થ્રિલર ગમતું હોય તો આ ફિલ્મ તમારા માટે છે. એક એવો વ્યક્તિ જે પોતાની જાતને ગુનેગાર માને છે પરંતુ દુનિયા તેને નિર્દોષ સમજે છે, તે સત્યની આસપાસ આ ફિલ્મ વણાયેલી છે.







# વર્ષ-2026માં સુરત-બીલીમોરા વચ્ચે બુલેટ ટ્રેનની ટ્રાયલ થશે

**ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણી અગાઉ બુલેટ ટ્રેનનું ટ્રાયલ શરૂ થઇ જાય તેવી પૂરી સંભાવના છે. ઓગસ્ટ 2026માં સુરતથી બિલીમોરા વચ્ચે બુલેટ ટ્રેનનું ટ્રાયલ શરૂ કરવામાં આવી શકે છે.**

## અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિત ગુજરાતનાં 87 રેલવે સ્ટેશનને રિડેવલપ કરાશે

બજેટ અંગે માહિતી આપતા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ‘હાલમાં સાબરમતીથી મુંબઈ સુધી ટ્રેકની કામગીરી ચાલી રહી છે. મહારાષ્ટ્રમાં પણ જમીન સંપાદનની કામગીરી હવે પૂર્ણ થઈ જતા ત્યાં પણ પ્રોજેક્ટ માટે જરૂરી મંજૂરી મળી ગઈ છે. તેની સાથે જ 21 કિલોમીટર લાંબી ટનલ બનાવવાની કામગીરી તેમજ સ્ટેશનોની કામગીરી પણ ઝડપથી કરાઇ રહી છે. હાલમાં 280 કિલોમીટર લાંબા ટ્રેકની કામગીરી પૂર્ણ કરી દેવા છે અને દર મહિના 13 થી 14 કિલોમીટરની કામગીરી પૂર્ણ કરવામાં આવે છે.‘ આ સાથે તેમણે ઉમેર્યું કે, 2009 થી 2014 વચ્ચે ગુજરાતને સરેરાશ 589 કરોડ રૂપિયા ફાળવવામાં આવતા હતા. પરંતુ હાલની સરકારે આ વખતે ગુજરાત માટે 8587 કરોડ રૂપિયા ફાળવ્યા છે.